# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તાઃ ૧૬/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## ચેમ્બરમાં લેડિઝવિંગ ધ્વારા કથક નૃત્ય વિશે કાર્યક્રમ યોજાયો

સુરતઃધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની લેડિઝ વિંગના ઉપક્રમે શાસ્ત્રીય નૃત્ય પ્રકાર 'કથક' વિશે જાણકારી આપતા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નુપુર નૃત્ય એકેડમીના ડાયરેકટર શ્રીમતી સ્મૃતિ વોરાએ ભારતીય નૃત્યશાસ્ત્રમાં આગવું સ્થાન ધરાવતા નૃત્ય પ્રકાર કથક વિશે રસપ્રદ માહિતી આપી હતી.

કાયૂક્રમના આરંભે લેડિઝ વિંગના ચેરપર્સન શ્રીમતી અંજલી શાહે મુખ્ય વકતાનું સ્વાગત કરતાં કહયું હતું કે, શાસ્ત્રીય નૃત્ય વિશે આપણે ત્યાં ઘણી ગેરમાન્યતાઓ પ્રવર્તે છે ત્યારે એના વિશે યોગ્ય જાણકારી મળી રહે એ આશયથી આજનો આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.તેમણે કહયું હતું કે,ભારતીય સંસ્કૃતિમાં કથક નૃત્ય એક વિશિષ્ઠ સ્થાન ધરાવે છે.શિવજી અને પાર્વતી નૃત્યના આરાધ્ય દેવ છે.શિવજી જે નૃત્ય કરે એને તાંડવ નૃત્ય કહેવાય છે અને પાર્વતી ના નૃત્યને લાસ્ય નૃત્ય કહેવાય છે.ભારતમાં કથકની પરંપરાને શ્રી બિરજુ મહારાજે જાળવી રાખી છે અને દેશવિદેશમાં પણ એને મહત્વનું સ્થાન અપાયું છે.

છેલ્લા ૩૦ વર્ષથી પરંપરાગત કથક નૃત્ય શીખવનાર એકમાત્ર નુપુર નૃત્ય એકેડમીના ડાયરેકટર સ્મૃતિબેન વોરાએ કહયું હતું કે,કથક નૃત્ય એ કંઈ મુજરો નથી.મંદિરોમાં કથા કરનારા કથિક ધ્વારા કરાતા નૃત્યને કથક કહેવાય છે.તેમણે કથક નૃત્યનું સાચું ચિત્રણ રજૂ કર્યુ હતું અને કથક નૃત્યનો ઉદભવ કેવી રીતે અને કયાંથી થયો એની સવિસ્તર જાણકારી આપી હતી.

કાર્યક્રમમાં કુ.મૃગા વોરા,હેત્વી ગાંધી અને રૂચિતા મોદી ધ્વારા કથક નૃત્યનું નિદર્શન રજૂ કરવામાં આવ્યું હતું તેમ જ મૃગાએ રજૂ કરેલા તોડા,પરન અને તિહાઈ પણ ખૂબ જ સુંદર રહયા હતાં.

કાર્યક્રમના અંતે લેડિઝ વિંગના મેમ્બર ડો. બંદના ભટ્ટાચાર્યએ આભાર વિધી આટોપી હતી.